રાજભવન, ગાંધીનગર

તા. ૯-૦૨-૨૦૧૫

**એન.સી.સી. દળ યુવાઓમાં વ્યકિતત્વ વિકાસ અને નેતૃત્વની શકિતના નિર્માણમાં અગત્યની ભૂમિકા અદા કરી રહયું છે**

**----રાજયપાલ શ્રી ઓ.પી. કોહલી**

**૬૬મા ગણતંત્ર દિવસની દિલ્હી ખાતે આયોજિત શિબિરમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર કેડેટ્સનું સન્માન કરાયું**

---

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ એન.સી.સી., ગુજરાતના કેડેટ્સ-એ નવી દિલ્હી ખાતે આયોજિત ૬૬મા ગણતંત્ર દિનની શિબિરોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા માટે તેમનું સન્માન કર્યુ હતું.

ગઈકાલે રાજભવનમાં એન.સી.સી., ગુજરાત ધ્વારા યોજવામાં આવેલ 'સ્નેહ સમ્મેલન'માં રાજયપાલશ્રીએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે એન.સી.સી. યુવાઓમાં વ્યકિતત્વ વિકાસ અને નેતૃત્વ નિર્માણ સાથે ચારિત્ય ઘડતર થાય, શિસ્ત અને દેશભકિત તથા સમાજ સેવાની ભાવના ખિલે તેવા પ્રયાસોમાં અગત્યની ભૂમિકા અદા કરી રહયું છે. તેમણે જણાવ્યું હતું કે સ્વામી વિવેકાનંદ યુવાનોમાં વ્યકિતત્વના નિર્માણના શિક્ષણની વાત કરી છે, જે દેશ અને સમાજની પ્રગતિ માટે ખૂબજ આવશ્યક છે. શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે ભારતના ભૂતપૂર્વ પ્રમુખ ડો. એ.પી.જે. અબ્દુલ કલામે પણ યુવાનોને કહયું છે કે તેઓ મોટા સ્વપ્ન જુએ અને તેને પૂર્ણ કરવા સાહસ-પરિશ્રમ કરે અને પડકારોનો સામનો નિડરતાથી કરે. આ સંદેશ યુવાનોમાં દેશ અને સમાજની ઉન્નતિ માટે અંતર્‌ની ઉર્જાને પ્રજ્જવલિત કરશે.

તેમણે જણાવ્યું હતું કે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્ર સમક્ષ કેટલાક જનહિતના કાર્યક્રમો મૂકયા છે જેવા કે 'સ્વચ્છ ભારત અભિયાન', 'મેક ઈન ઈન્ડિયા', ડિઝિટલ ઈન્ડિયા' તથા અન્ય જે દેશ અને સમાજમાં સકારાત્મક બદલાવ લાવશે. આ કાર્યક્રમોને આગળ ધપાવવા માટે યુવાનોને યોગદાન આપવું જોઈએ.

તેમણે ગવર્નર્સ મેડલ પણ બેસ્ટ કેટેટ્સને અર્પણ કર્યા હતા અને રાજભવનમાં રજૂ કરાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર સૌ કેડેટ્સને અભિનંદન આપ્યા હતા.

પા હ જ

પ્રારંભમાં એન.સી.સી., ગુજરાતના નાયબ મહાનિદેશક બ્રિગેડિયર પ્રદીપ નારાયણને એન.સી.સી. કેડેટ્સ ધ્વારા વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ તથા દેશમાં આયોજિત કરાયેલ જુદી જુદી પ્રતિયોગિતાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી સુવર્ણ, રૌપ્ય તથા કાસ્ય ચંદ્રકો મેળવવામાં આવ્યા હતા તેની વિગતો આપી હતી.

આ પ્રસંગે શિક્ષણ રાજય મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી, એન.સી.સી.ના ત્રણેય પાંખના વરિષ્ઠ અધિકારીઓ, વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ તેમના માતા માતાપિતા તથા અન્ય અગ્રણીઓ પણ ઉપસ્થિત રહયા હતા.

xxxxx

પ્રેસ સચિવ